
બુકર ટી. વોશિંગ્ટન

જાન ગ્લેઇટર



બુકર ટી. વૉશિંગ્ટન

જાન ગ્લેઇટર



1856 માં વર્જિનિયા, અમેરિકા માં વસંત ઋતુ હતી. ત્યાં એક ફાર્મ પર - જેને પ્લાન્ટેશન કહેવાય છે - એક પુત્ર નો જન્મ થયો. એ છોકરા ના માઁ-બાપ, પ્લાન્ટેશન માલિક ના ગુલામ હતા. એટલે એ નાનો છોકરો પણ ગુલામ પેદા થયો. એનું નામ હતું બુકર.






બુકર એની માઁ અને નાના ભાઈ જોન સાથે એક નાની કેબિન માં રહેતો હતો. ઘર ની ભોંય માટી ની હતી અને બારીઓ માં કાચ નહોતા. દીવાલ માં કાણાં હતા. પછી ત્યાં જ બુકર ની બહેન અમાન્ડા નો જન્મ થયો.



ઘણી વાર એમને દિવસ માં સવારે એક જ વાર જમવાનું મળતું હતું. બુકર બાફેલી મકાઈ ખાતો હતો, જે ફાર્મ ના જાનવરો ને ખવડાવવા માટે હતી. એની પાસે પહેરવા ફક્ત એક જ ચળ આવે તેવું ખમીસ હતું જે ગૂણપાટ નું બનેલું હતું. એ મોટો થયો એટલે ખમીસ નાનું પડયું અને એને એક બીજું ખમીસ મળ્યું. પણ એની પાસે હંમેશા એક જ ખમીસ હતું.



નવા ખમીસ માં ચળ આવતી એટલે બુકર ને એનાથી નફરત હતી. બુકર ખુશનસીબ હતો, કેમકે એનો ભાઈ બહુ દયાળુ હતો. ભાઈ થોડા દિવસ બુકર નું નવું ખમીસ પહેરતો હતો. એના થી ભાઈ ની ચામડી છોલાઈ જતી, પણ ખમીસ મુલાયમ થઈ જતું હતું.





બધા ગુલામો ને ફાર્મ પર કોઈ-ને-કોઈ કામ કરવું પડતું હતું. બુકર ની માઁ ફાર્મ ના માલિકો માટે રસોઈયણ નું કામ કરતી હતી. માલિકો પાસે જ એક મોટા ઘર માં રહેતા હતા. એ માલિકો નું ખાવાનું પોતાની જ કેબિન માં એક મોટા ચૂલા પર પકાવતી હતી. એટલે બુકર ની કેબિન શિયાળા માં ગરમ રહેતી હતી, પણ ઉનાળા માં બહુ ગરમ થઈ જતી હતી.

ક્યારેક બુકર ની માઁ ચિકન પકાવ્યા પછી એનો થોડો હિસ્સો એના પરિવાર ને પણ આપતી હતી. પણ ઘણી વાર બુકર ને એક બટાટુ કે એક કપ દૂધ પીવા માટે મળતું હતું.


નાના બુકર ને ફાર્મ પર ઘણા અલગ-અલગ કામ કરવા પડતા હતા. એ ખેતરો માં મજૂરો માટે પીવાનું પાણી લઈ જતો હતો. દરેક અઠવાડિયે એ અનાજ પીસવા ચક્કી પર લઈ જતો હતો. એ માટે એને ગાઢ જંગલ માં થી પસાર થવું પડતું હતું અને એ અંધારું થયા પછી જ પાછો ફરી શકતો હતો.

માલિકો ની છોકરીઓ સ્કૂલ માં ભણવા જતી હતી. નાનો બુકર એમના દફતર સ્કૂલ સુધી ઉપાડી ને જતો હતો. પણ એને સ્કૂલ ની અંદર જવાની પરવાનગી ન હતી.






1865 માં જયારે બુકર નવ વર્ષ નો થયો ત્યારે અમેરિકા માં ગુલામો ને મુક્ત કરવામાં આવ્યા હતા. આગળ શું થશે એ બુકર ને પણ ખબર ન હતી. એણે રાત્રે માઁ ને પ્રાર્થના કરતા જોઈ હતી. માઁ હંમેશા ગુલામી માં થી મુક્તિ ઇચ્છતી હતી.




પહેલા બુકર ની માઁ એ એક ગુલામ સાથે લગ્ન કર્યા હતા. એ માણસ પાસે ના જ એક ફાર્મ માં કામ કરતો હતો. પછી એ માણસ પશ્ચિમી વર્જિનિયા ચાલ્યો ગયો. થોડા સમય પછી એણે એના પરિવાર ને લાવવા માટે એક ગાડી અને ખચ્ચર મોકલાવ્યા.

પશ્ચિમી વર્જિનિયા ની સફર માટે એમને બે અઠવાડિયા લાગ્યા.ગાડી માં બહુ જરૂરી સામાન જ ભરવામાં આવ્યો. એટલે બાળકો ને ગાડી ની પાછળ-પાછળ ચાલી ને પહાડ ને પાર કરવો પડયો. અંત માં તેઓ માલ્ડેન, પશ્ચિમી વર્જિનિયા પહોંચ્યા. ત્યાં એમનું ઘર કંઈ ખાસ સારું નહોતું. કદાચ એ પહેલાના ઘર કરતા પણ બદતર હતું.

બુકર ના સાવકા પિતા એક મીઠા ની ખાણ માં કામ કરતા હતા. એ મીઠા ને મોટા-મોટા લાકડા ના પીપ માં ભરવાનું કામ કરતા હતા. એટલે બુકર અને એના ભાઈ જોન ને પણ ત્યાં નોકરી મળી ગઈ.







એક દિવસ બુકરે ઘણા લોકો ને એક યુવક ની આસપાસ ઉભેલા જોયા. એ યુવક લોકો ને છાપું વાંચી ને સંભળાવતો હતો. મજૂરો ને વાંચતા નહોતું આવડતું. એ બહુ ધ્યાન થી સમાચાર સાંભળી રહ્યા હતા. ત્યારે બુકર ને પહેલી વાર સમજાયું કે જો લોકો વાંચવાનું શીખશે તો એનાથી એમના વિચારો પણ બદલાશે. પછી બુકરે એનું મન પાકું કર્યું. એણે પહેલા પોતે વાંચતા શીખવાનો નિશ્ચય કર્યો! જેટલું પણ સંભવ હોય, એ જરૂર શીખશે.

બુકર ની માઁ એની મદદ કરવા માંગતી હતી. એણે એના પુત્ર માટે ચોપડી ખરીદી જેનું નામ હતું "વેબસ્ટર બ્લુ-બેક સ્પેલર". બુકરે એમાંથી અક્ષર નું જ્ઞાન મેળવ્યું. એણે સૌથી પહેલા 18 નો અંક શીખ્યો - કેમકે એ નંબર મીઠા ના હરેક પીપ પર લખેલો હતો.

બુકર એ સિવાય ઘણું બધું શીખવા ચાહતો હતો. એના ઘર ની પાસે જ એક ટીચરે એક નવી સ્કૂલ શરુ કરી. બુકર એ સ્કૂલ માં જવા ઈચ્છતો હતો. અંત માં બુકર ના સાવકા પિતા એ એને સ્કૂલ જવાની પરવાનગી આપી. હવે બુકર ને સ્કૂલ પહેલા પાંચ કલાક અને સ્કૂલ છૂટ્યા પછી બે કલાક કામ કરવું પડતું હતું. આ શરત પર એના સાવકા પિતા એ એને સ્કૂલ જવાની પરવાનગી આપી હતી.




સ્કૂલ માં ટીચરે બધા બાળકો ને એમના નામ પૂછ્યા. બુકરે જોયું કે બાકી બાળકો ના બે શબ્દો ના નામ હતા. એટલે જયારે એનો વારો આવ્યો ત્યારે એણે ઉત્તર આપ્યો, "બુકર વોશિંગ્ટન!" ઘણા વર્ષો પછી એને ખબર પડી કે એનું અંતિમ નામ "ટાલિયાફેરો" હતું. એટલે એણે એને એના નામ ના મધ્ય માં લગાવ્યું. પછી એને બુકર ટી. વોશિંગ્ટન ના નામ થી બોલાવવામાં આવ્યો. એ હવે લખતા-વાંચતા શીખી ગયો હતો.






બુકર ટી. વોશિંગ્ટન ની ઈચ્છા એના નામ ને પૂરું કરવા થી ઘણી વધારે હતી. એ લગાતાર સ્કૂલ જવા ઈચ્છતો હતો. પણ ત્યાં સુધી માં એના સાવકા પિતા એ એનું મન બદલી લીધું હતું. હવે એ ચાહતા હતા કે બુકર પૂરો સમય કામ કરે. એ પછી બુકર સ્કૂલ છોડી ને એક કોલસા ની ખાણ માં કામ કરવા લાગ્યો.



કોલસા ની ખાણ અંદર થી અંધારી અને ગંદી હતી અને બહુ અસુરક્ષિત પણ. પણ જયારે પણ બુકર ને સમય મળતો એ ત્યાં એની એક માત્ર ચોપડી વાંચતો. એ કોલસા ની ખાણ ની બત્તી ની રોશની માં ચોપડી વાંચતો હતો. રાત ના સમયે એ માઈલો ચાલી ને કોઈ ટીચર ને ઘરે શીખવા પણ જતો હતો.

એક દિવસ ખાણ માં બુકરે કોઈ પાસે હેમ્પટન ઇન્સ્ટિટ્યૂટ વિષે સાંભળ્યું. એ અશ્વેત લોકો માટે ટ્રેડ-સ્કૂલ હતી જ્યાં કાળા લોકો એ કુશળતાઓ શીખી શકે જે નોકરી મેળવવા આવશ્યક હતી. પછી બુકરે એ સ્કૂલ માં જવા નું પોતાનું મન બનાવ્યું.






1871 માં બુકર 15 વર્ષ નો થયો. ત્યારે એણે મિસિસ વાયોલા રુફીન માટે કામ કર્યું. એ ખાણ ના માલિક ની પત્ની હતી. એને ખુશ કરવી બહુ કઠિન હતું. પણ એની સાથે કામ કરવું ખાણ માં મહેનત કરવા થી ઘણું આસાન હતું. બુકર એ કામ ને પણ કરી ને જોવા માંગતો હતો.




મિસિસ રુફીને બુકર ને શેડ ની સફાઈ કરવા કહ્યું. બુકરે એ કામ ત્વરિત ચાલુ કર્યું. જલ્દી એણે એ કામ પૂરું પણ કર્યું. મિસિસ રુફીન ને એનું કામ પસંદ ન આવ્યું અને એણે ફરી સફાઈ કરવા કહ્યું. બુકરે ઘણી વાર એ કામ દોહરાવ્યું. પછી ફર્શ ચમકવા લાગી અને બારી ના કાચ સાફ થઈ ગયા અને બધા ઓજાર વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. મિસિસ રુફીન ખુશ થઈ.

બુકરે મિસિસ રુફીન સાથે દોઢ વર્ષ કામ કર્યું. એ એની પાસે બધા કામ ઢંગ થી કરાવતી હતી. એ બુકર ના ભણવાનું પણ ધ્યાન રાખતી હતી. કામ પૂરું થયા પછી એ બુકર ને સ્કૂલ જવા દેતી હતી.



1872 માં બુકર હેમ્પટન ઇન્સ્ટિટ્યૂટ માં ભણવા માટે પૂર્વીય વર્જિનિયા ચાલ્યો ગયો. એના જવાનું માઁ ને બહુ દુઃખ થયું. પણ માઁ એ પણ ચાહતી હતી કે એનો દીકરો એક સારી સ્કૂલ માં ભણે. બુકરે થોડા પૈસા પણ બચાવ્યા હતા. એના પાડોશીઓ એ પણ એને થોડી-બહુ મદદ કરી હતી. તો પણ સ્કૂલ સુધી પહોંચવા માટે એની પાસે પૈસા ન હતા. સ્કૂલ ની ફી માટે પણ એની પાસે પૈસા ન હતા.






જયારે બુકર પાસે ઘોડાગાડી માટે પૈસા ન બચ્યા ત્યારે એ ચાલવા લાગ્યો. રિચમંડ શહેર માં એ રાત્રે સડક ના કિનારે સૂતો. એની પાસે ખાવા માટે પણ પૈસા ન હતા. બીજે દિવસે સવારે એને એક વહાણ પર માલ ચઢાવવાનું કામ મળ્યું. એણે ત્યાં કામ કર્યું અને હેમ્પટન જવા માટે પૈસા બચાવ્યા.




ઘણા યુવાન લોકો હેમ્પટન જવા માંગતા હતા. ત્યાં એ બધા ને દાખલો મળવો મુશ્કેલ હતું. ત્યાં બુકરે એસીસ્ટન્ટ પ્રિન્સિપાલ મિસ મેકી સાથે મુલાકાત કરી. પણ મિસ મેકી બુકર થી પૂરી રીતે સંતુષ્ટ ન થઈ. બુકર ને ત્યાં ભણવા માટે ફી આપવી પડશે - જેને માટે એને ત્યાં કામ કરવું પડશે. બુકર બહુ હારેલો-થાકેલો હતો. એના કપડાં પણ ગંદા હતા. પણ બુકર માં જરૂર કોઈ ખાસ વાત હતી. એટલે કદાચ મિસ મેકી એ એને રોકાવા કહ્યું.

બુકર ત્યાં કલાકો રાહ જોતો રહ્યો. એણે થોડા છાત્રો ને સ્કૂલ માં દાખલ થતા પણ જોયા. થોડા લોકો ને પાછા જતા પણ જોયા. અંત માં મિસ મેકી એ એને કહ્યું, "લે આ ઝાડુ લે અને પાસે ના રૂમ ની સરખી રીતે સફાઈ કર."



બુકર પુસ્તકો માં થી ઘણું બધું શીખ્યો હતો. એને કોઈ પણ કામ સારી રીતે કરતા આવડતું હતું. એણે એ રૂમ ની ત્રણ વાર સફાઈ કરી. એણે એમાં ચાર વાર ઝાડુ-પોછા કર્યા. એણે બધું ફર્નિચર હટાવી ને એની નીચે ની ફર્શ ની પણ સફાઈ કરી. એણે રૂમ નો હરેક ખૂણો સાફ કર્યો. કામ પૂરું કરીને એ મિસ મેકી પાસે ગયો.

મિસ મેકી એ એક સફેદ રૂમાલ એક ટેબલ પર રગડયો. એને જરાય ધૂળ ન મળી. "ચાલ, હવે તું સ્કૂલ માં દાખલ થઈ શકે છે," એણે બુકર ને કહ્યું.



બુકર ટી. વોશિંગ્ટનને હેમ્પટન ઇન્સ્ટિટ્યૂટ માં બહુ સારું પ્રદર્શન કર્યું. એણે ત્યાં ઘણી નવી કુશળતાઓ શીખી. બુકર ત્યાં કૃષિ વિષે ભણ્યો અને ઈંટ બનાવતા શીખ્યો. એ ત્યાં ભાષણ આપતા પણ શીખ્યો. સાથે અંકગણિત, વિજ્ઞાન અને ઇતિહાસ વિષે પણ શીખ્યો.

હેમ્પટન નો અભ્યાસ પૂરો કર્યા પછી બુકર એક ટીચર બન્યો. બે વર્ષ પછી એને સ્કૂલ ના પ્રિન્સિપાલ બનવાનું નિમંત્રણ મળ્યું. એ એક નવી સ્કૂલ હતી. એ સ્કૂલ ટુસકેજી, અલાબામા માં હતી.





1881 માં બુકર ટુસકેજી આવ્યો. એ જયારે ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં ન કોઈ સ્કૂલ ની ઇમારત હતી, ન કોઈ ટીચર કે ન કોઈ છાત્ર. એ પોતે જ સ્કૂલ હતો! પણ એ એનાથી હતાશ ન થયો.

એ આસપાસ ના ગામ માં થી છાત્રો શોધી લાવ્યો. શરૂઆત માં એણે એક જૂના ચર્ચ માં સ્કૂલ શરુ કરી. ચોમાસા માં ચર્ચ ની છત માં થી ઘણું પાણી પડતું હતું. વિદ્યાર્થી એના માથા ઉપર છત્રી રાખતા હતા. પણ એ ભણાવવાનું ચાલુ રાખતો હતો.

જૂનું ચર્ચ તો ટુસકેજી ઇન્સ્ટિટ્યૂટ ની બસ એક શરૂઆત હતી. બુકર ના મનમાં એ સ્કૂલ માટે મોટા સપના હતા.

પછી ટુસકેજી માં એક એટલી મોટી સ્કૂલ બની જેની બુકરે પણ કલ્પના કરી ન હતી. 1915 માં ટુસકેજી ઇન્સ્ટિટ્યૂટ માં લગભગ 100 ઈમારત હતી અને 1500 છાત્રો હતા. ત્યાં છાત્રો તમામ વિષયો સાથે 38 પ્રકાર ની કુશળતાઓ પણ શીખી સકતા હતા.

ટુસકેજી ઇન્સ્ટિટ્યૂટ માં છાત્રો એ બહુ કામ ની વસ્તુઓ શીખી. ત્યાં બુકર ટી. વોશિંગ્ટને પોતાના છાત્રો ને હંમેશા બહુ લગન થી ભણાવ્યા.

મહત્વપૂર્ણ તારીખો

1856 વર્જિનિયા માં એક પ્લાનટેશન માં ગુલામ તરીકે જન્મ.

1865 ગુલામી થી મુક્તિ. બુકર નો પરિવાર વેસ્ટ વર્જિનિયા ગયો. ત્યાં એણે ખાણ માં કામ કર્યું.

1871 મિસિસ વાયોલા રુફીન માટે કામ કર્યું. એ ખાણ ના માલિક ની પત્ની હતી. એણે બુકર ની ભણવામાં મદદ કરી અને કામ પછી એને સ્કૂલ જવા દીધો.

1872-75 વર્જિનિયા ની હેમ્પટન ઇન્સ્ટિટ્યૂટ માં ભણ્યો.

1879 હેમ્પટન ઇન્સ્ટિટ્યૂટ માં ટીચર બન્યો.

1881 ટુસકેજી ઇન્સ્ટિટ્યૂટ, અલાબામા નો પ્રિન્સિપાલ બન્યો.

1901 આત્મકથા "અપ ફ્રોમ સ્લેવરી" નું પ્રકાશન.

1915 માં દેહાંત. ત્યારે એ ટુસકેજી ઇન્સ્ટિટ્યૂટ નો પ્રેસિડેન્ટ હતો.